
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ તુલા**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચાંડાલ યોગ છે. આજે સૂર્ય ચંદ્રની પ્રતિયુતિ છે માટે પૂર્ણિમાનો યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** ઉચ્ચનો સૂર્ય રાશિમાં છે તેમજ ચંદ્ર સાથે પ્રતિયુતિમાં છે. આઠમે મંગળ - શનિની યુતિ તમારે માટે દાઝવાનો યોગ ધરાવે છે. માટે દાઝવાથી બચવા કોશિશ કરવી હિતમાં છે.

**વૃષભ** રાશિપતિ અગિયારમે ઉચ્ચનો છે જેને કારણે તમારે ધનલાભ - લાંબા અંતરના પ્રવાસો વિગેરે યોગો ઉભા થયેલ છે - ધનલાભ થાય - માનસિક આનંદમાં દિવસ જાય.

**મિથુન** સમગ્ર કુંડળીમાં સ્વગૃહી તેમજ ઉચ્ચના ગ્રહો ચાલતા હોઈ આપનો સમય સોનેરી ચાલે છે - આનંદ - પ્રમોદ કરતાં કરતાં પણ ધનલાભ થવાના પ્રબળ યોગો છે.

**કર્ક** ચોથે ચંદ્ર અને દસમે ઉચ્ચનો સૂર્ય તમારે માટે આજે મહાન રાજયોગ અને વિજયોગ ઉભો કરે છે. આગામી સમયમાં તમોએ ન ધારેલ પ્રગતિ કરશો. આનંદમાં સમય જશે.

**સિંહ** બીજા ઉચ્ચ ગ્રહો અને સ્વગૃહી ગ્રહ મંગળ હોઈ આપની રાશિમાં ચાલતા ચાંડાલ યોગની અસરો હવે નહિવત રહે છે માટે ચિંતા મુક્ત બની તમારી પ્રવૃત્તિઓ કરતા રહો.

**કન્યા** સાતમે ઉચ્ચનો શુક્ર તમારે માટે ભાગ્ય યોગ મોટો કરે છે - વૈભવ - વિલાસમાં રચ્યા પચ્યા રહો. ઉત્તમ ગ્રહો ઉત્તમ સ્થાનોમાં ભ્રમણ કરે છે - દિવસ આનંદમાં જશે.

**તુલા** રાશિમાં ચંદ્ર ને સાતમે ઉચ્ચનો શુક્ર તમોને વૈભવી - વિલાસી દિવસ વિતાવવાની ફરજ પાડે. ભાગ્યને આધારે ધનલાભ થાય. દિવસ લાભને કારણે આનંદમાં જાય.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં સ્વગૃહી થઈને પ્રબળતા તરફ જઈ રહ્યો છે તેથી વક્રી શનિની વક્ર દ્રષ્ટીની ખરાબ અસરો નાબૂદ થઈ ગઈ છે - દિવસ આનંદમાં - લાભમાં પસાર થશે.

**ધન** ગુરુની પાંચમે દ્રષ્ટિ અસર કરે છે - સારી છે - ચાંડાલ યોગની ખરાબ અસરો દૂર થવા માંડી છે. કારણ કે બીજા ગ્રહો ઉચ્ચના અને સ્વગૃહી છે - દિવસ સારો જશે.

**મકર** આજનો ઉચ્ચના તથા સ્વગૃહી ગ્રહોને પરિણામે આઠમા સ્થાનના ચાંડાલ યોગમાં ખરાબ આડઅસરો દૂર થશે. ગ્રહો સારા છે - દિવસ મિશ્રફળવાળો જશે.

**કુંભ** સમગ્રતય આજની કુંડળીના ગ્રહો ઉચ્ચના અને સારા હોઈ ચાંડાલ યોગની આડઅસરો દૂર થઈ છે - તેથી આજનો આપનો દિવસ આનંદમાં અને સુખમાં જશે.

**મીન** રાશિમાં ઉચ્ચનો શુક્ર એકલો જ કાફી છે આપનો આજનો આખો દિવસ આનંદ - પ્રમોદમાં વૈભવ વિલાસમાં પસાર થવા માટે - આપનો દિવસ આનંદપ્રમોદમાં જશે.

### પડઘમ શાંત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂત્રોએ જણાવ્યું છે. શહેરમાં આજે પ્રચાર માટે ભાડે રખાયેલી રીક્ષાઓ બંધ થઈ ગઈ છે. વાતાવરણમાં પણ શાંતિ સ્થપાઈ છે પણ રાજકીય ઉત્તેજનાનો જવર જોવા મળી રહ્યો છે.

તંત્ર દ્વારા પણ ૧૫૦થી વધુ મંજૂરીઓ બધા પક્ષના ઉમેદવારોને કાર્યક્રમો, સભા, રેલી, પ્રચાર વાહનની આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ પ્રચાર અભિયાનમાં મુખ્યમંત્રી, મંત્રી મંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો અને અમદાવાદ, વડોદરા તેમજ અન્ય જિલ્લાઓના ચુનંદા કાર્યકરોની ટીમો પ્રદેશના નેતાઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ વેળાએ પ્રચાર અભિયાનમાં નાની મોટી બે ચાર સભાઓને બાદ કરતાં ડોર ટુ ડોરના પ્રચાર અભિયાન પર વધુ ભાર મુકવામાં આવ્યો હતો.

પ્રચાર અભિયાન અંતિમ તબક્કામાં રાજકીય પક્ષો દ્વારા ૬૦ થી પણ વધુ વચનો આપતા ચૂંટણી સંકલ્પ પત્રો જાહેર કરાયા છે. જો કે સ્થાનિક મુદ્દાઓ પ્રચારમાં ઉછળ્યા નથી એ નોંધનીય ઘટના રહેવા પામી છે.

૨૦૦૦થી પણ વધુ હોર્ડિંગ્સ, બેનર અને પ્રચાર મંડપો આચારસંહિતાને લઈ તંત્ર દ્વારા દૂર કરાયા હતા. હવે આજે સાંજથી ઉમેદવારો અને તેમના સમર્થકો દ્વારા બુથ મેનેજમેન્ટની કવાયત હાથ ધરવામાં આવી છે.

### સુપ્રીમની મનાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂઆત થઈ હતી. કેન્દ્ર સરકારના જાહેરનામા સામે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કોર્ટે આદેશ કર્યો છે કે, રાવત સરકારને બહુમતિ પૂરવાર કરવાની તક આપવામાં આવી છે. ભાજપના નેતાઓનો દાવો છે કે, પાર્ટી પાસે ૩૬ ધારાસભ્યો છે. આજના ચુકાદાનો મતલબ એ થયો કે, અંતે રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવાના ચુકાદા પર બ્રેક મુકવામાં આવી છે. રાષ્ટ્રપતિ શાસન ફરી લાગૂ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીને વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ કામ કરવાનો અથવા તો કોઈ સત્તા તેમની પાસે રહેશે નહીં. એટર્ની જનરલ મુકુલ રોહત્યાગીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આગામી સુનાવણી પહેલા કોઈ નિર્ણય કરશે નહીં.

### રાજસભામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને પૂર્વ સાંસદ તેમજ ક્રિકેટર નવજોત સિદ્ધુનો સમાવેશ થાય છે. પત્રકાર રજત શર્મા અને અભિનેતા અનુપમ ખેર સાથે પણ વાતચીત ચાલી રહી છે. રાજ્યસભામાં ૧૨ નોમિનેટેડ સભ્યો છે. હાલમાં સાત જગ્યા ખાલી રહેલી છે. નોમિનેટેડ સભ્યો હમેંશા સરકારની સાથે જ મત આપે છે. આની સાથે જ રાજ્યસભામાં એનડીએ સરકારની સંખ્યામાં વધારો થશે.

### અદબ પલાંઠી... ● ૪ પાનાનું ચાલુ...

'સમસ્યા' બની જતાં હોય છે.

બાળપણમાં મા-બાપની છત્રછાયા ગુમાવનારા જીવનમાં ઘણી પ્રગતિ કરતાં હોય છે. કારણ સ્પષ્ટ છે તેમનો સંઘર્ષ ખૂબ વહેલો શરૂ ગયો હોય છે.

એવા કેટલાય સંસ્કારી કુટુંબો છે કે જેઓ આર્થિક રીતે પૂર્ણ સક્ષમ હોવા છતાં સંતાનોને આર્થિક સધ્ધરતાનો ખ્યાલ ન આવવા દઈ, અભાવનો સામનો કરતાં શીખવે છે, ચલાવી લેતાં શીખવે છે. ચાલશે, ભાવશે, ગમશે નો અભિગમ શીખવાડવો જ રહયો. સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે સંઘર્ષ, સ્વાશ્રય, સ્વાવલંબી જેવી કડવી દવાઓ મા-બાપે કઠોર બનીને પિવડાવવી જ રહી.

મિસરી

'ઉંદર આડો ઉતરે એ... બિલાડી માટે શુકન કહેવાય'

(રતિલાલ 'અનિલ')

## બોરીજ ગામમાં રાજ્યના મુખ્યમંત્રી પ્રથમ વખત ગયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની રચના પછી રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ મંત્રી નિવાસની નજીક આવેલ બોરીજ ગામમાં પ્રવેશ્યા ત્યારે ગ્રામજનોએ હરખથી તેમનુ સ્વાગત કરતાં કહ્યું હતું કે આપ પહેલા મુખ્યમંત્રી છો જે અમારા ગામમાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ગઈકાલે વોર્ડ નં. ૪, ૫, ૬, ૧ અને વોર્ડ નં. ૨ના કાર્યાલયોની મુલાકાત લીધી હતી. તેમણે કાર્યકર્તાઓ સાથે ગોષ્ઠી કરી પરિસ્થિતિનો ક્યાસ મેળવ્યો હતો.

વોર્ડ નં. ૪માં તેમણે કાર્યકર્તાઓ પાસેથી સારી એવી જાણકારી મેળવવા પ્રશ્નોત્તરી કરી હતી.

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



પાનખરનું પણ એક આગવું સૌંદર્ય હોય છે. ડાળીઓ પરથી ખરી પડેલા પર્ણોની બિછાત સુકા વનોનો વૈભવ છે. ગાંધીનગરમાં વૃક્ષો ઘણા એટલે પાનખરનો વૈભવ પણ ઘણો. કેલેન્ડરમાં તો આ અઠવાડિયે ગ્રીષ્મ ઋતુ બેસી ગઈ છે. બે-ચાર દિવસમાં આપણા અહેસાસમાં પણ આવી જશે. પાનખરનો વૈભવ માણવાની આ છેલ્લી તક છે... ગાંધીનગરમાં વિધાનસભાની પાછળના વનમાં પાનખરનું સૌંદર્ય સોળે કળાએ છે...

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સામાન્ય ચૂંટણીને લઈ ચાર મતદાર સહાયતા કેન્દ્રો આજથી કાર્યરત કરાયા છે.

● ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાનને લઈ આજે પંચાયત સચિવ શ્રી રાજગોપાલે લવારપુરની ગ્રામસભામાં હાજરી આપી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર આજે ઝારખંડ ખાતે રાષ્ટ્રીય પંચાયત દિવસની ઉજવણીમાં ભાગ લેવા રવાના થશે.

● ૨૬-૨૭-૨૮ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા "જળયાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે.

● પંચાયત દિવસની ૨૪મીએ ઉજવણીનું લાઈવ ટેલિકાસ્ટ થવાનું હોવાથી જિલ્લાના તમામ અધિકારીઓને પંચાયતમાં હાજર રહેવા જણાવાયું છે.

## ઉર્મિલાબેનની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા

અમદાવાદ, તા.૨૨

કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ.ઉર્મિલાબેન પટેલના ગુરૂવારે સાંજે ૭-૦૦ કલાકે ટૂંકી માંદગી બાદ નિધન થયું હતું. ડૉ. ઉર્મિલાબેન પટેલની આજે અંતિમ યાત્રા પહેલા સર્વધર્મ પ્રાર્થન યોજાઈ હતી. ત્યારબાદ સાંજે ૪-૦૦ કલાકે નિવાસ સ્થાન રેવારણ્ય શ્રેયસ ટેકરા, અમદાવાદ ખાતેથી નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. તેમના નિવાસ સ્થાને સવારથી જ ડૉ. ઉર્મિલાબેન પટેલના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં સમગ્ર રાજયમાંથી ભાઈ બહેનો ઉપસ્થિત રહી પુષ્પાંજલી કરી હતી. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી ગુરૂદાસ કામતે રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી, ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી વતી પુષ્પાંજલી કરી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, રાષ્ટ્રીય પ્રવકતા શક્તિસિંહ ગોહિલ, પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ સહિત ધારાસભ્યો, પ્રદેશના પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકર ભાઈ બહેનોએ પણ શોકાંજલી વ્યક્ત કરી હતી. રાજીવ ગાંધી ભવન ખાતે ડૉ. ઉર્મિલાબેન પટેલના નશ્વર દેહને કોંગ્રેસ પક્ષનો ધ્વજ અર્પણ કરીને શ્રધ્ધાંજલી આપી હતી. સેવાદળના સૈનિકોએ પણ સલામી આપીને શોક વ્યક્ત કર્યો હતો.



## ચૂંટણી પ્રચાર રેલીની સાથે સાથે

- મહાનગર પાલિકા ચુંટણી પ્રચારના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ, એનસીપી, બહુજન સમાજ પાર્ટી સહિત અપક્ષ ઉમેદવારોએ રેલી કાઢીને શકિત પ્રદર્શન કર્યું હતું.
- ઉમેદવારોએ રેલી માટે સવારનો સમય પસંદ કર્યો હતો અને મંદિરે ભગવાનના દર્શન કરી રેલીનું આગેવાનોએ પ્રસ્થાન કરાવ્યું હતું.
- દરેક ઉમેદવારની રેલીમાં ગાડી, બાઈક, રીક્ષા, ડીજે સહિતનો કાફલો જોવા મળ્યો હતો.
- શહેરમાં નીકળેલી અનેક રેલીને પગલે સવારના સમયે માર્ગો પર વાહનોનો ધમધમાટ જોવા મળ્યો હતો.
- શહેરના માર્ગો અને સેકટરોમાં સતત દિવસ દરમ્યાન દેશભકિતના ગીતો ગુંજતા રહ્યા હતા.
- ઉમેદવારોએ સેકટરના આંતરિક માર્ગ અને ગલીઓમાં પણ જઈને મતદારો સાથે લોક સંપર્ક કર્યો હતો.
- નગરમાં રેલીને પગલે ઠેર-ઠેર ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. જેને પગલે કેટલાક નગરજનોને સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.
- રેલીમાં ડી.જે. લાઉડ સ્પીકર અને કાર તેમજ બાઈકના સતત વાગતા હોર્નથી ગાય અને ભેંસે કુદાકુદ કરી મુકતા રેલીમાં જોડાયેલા કાર્યકરો પણ એક સમયે ડરથી ધ્રુજી ઉઠ્યા હતા.
- રેલીમાં ઉમેદવારોના પાડોશી તેમજ સગાસ્નેહીજનો પણ જોડાયા હતા. જયારે કેટલાક લોકોને નોકરી જવાનું હોવાથી રેલી શરુ થયા બાદ નીકળી ગયા હતા.
- રેલીમાં ફરારી કાર લઈને એક કાર્યકર જોડાતા અનેરુ આકર્ષણનું કેન્દ્ર સર્જાયું હતું.
- ઉમેદવારોની રેલીને પગલે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને શાળા-કોલેજ અને ઓફીસ પહોંચવા ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.
- રેલીમાં જોડાયેલા કાર્યકરો માટે ઉમેદવારોએ ગરમીને ધ્યાને રાખી ઠંડા પીણા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ઉમેદવારોની રેલીને પોતાના વોર્ડ ખુંદતા મોટાભાગે ૩ કલાકથી વધુનો સમય થયો હતો.
- રેલીને પગલે સવારથી જ શહેરના તમામ પેટ્રોલ પંપ પર બાઈક અને કાર ચાલકો ઉમટી પડતા પેટ્રોલ પંપ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.
- ચુંટણી પ્રચારના છેલ્લા દિવસે રેલી પૂર્ણ થયા બાદ કાર્યકરોએ હાશકારો અનુભવ્યો હતો.
- શહેરના કેટલાક વોર્ડમાં એક સાથે ઉમેદાવારોએ રેલી કાઢતા અને સરખા રુટને પગલે સામસામે રેલીઓ આવી ગઈ હતી.
- રેલીની સાથે સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. જેને પગલે પોલીસ જવાનો રેલીની સાથે હાજર રહ્યા હતા.

### શાહી સ્નાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શૈવ સંપ્રદાયના નાગા સાધુઓ એકત્રિત થવાની શરૂઆત થઈ ગઈ હતી. સૌથી પહેલા નાગા સાધુઓએ ક્ષિપ્રા નદીમાં ડુબકી લગાવી હતી. ત્યારબાદ જુના અખાડાના પીઠાધીશ સ્વામી અવધેશાનંદ મહારાજે મંત્રોચ્ચાર કરતા કરતા પવિત્ર ડુબકી લગાવી હતી. સુઘન સુરક્ષા વચ્ચે ક્ષિપ્રા નદીના કિનારે બનાવવામાં આવેલા જુદાજુદા ઘાટ પર લાખો સાધુ સંતોએ ઢોલ નગાડાની સાથે ભારે ઉત્સાહ વચ્ચે પાણીમાં ડુબકી લગાવી હતી. આ પ્રસંગે મધ્યપ્રદેશના પરિવહન પ્રધાન અને સિંહસ્થનાપ્રભારી ભુપેન્દ્રસિંહ તેમજ વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યાહતા. મહામંડળેશ્વર સ્વામી અવધેશાનંદના સ્નાન બાદ જુદા જુદા અખાડાના સાધુ સંતોએ સ્નાનમાં જોડાવવાની શરૂઆત કરી હતી.

**જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૬-૨૦૧૭**

(માર્ગ અને મકાન વિભાગ)
ગુજરાત સરકાર
(ફક્ત વિજળીકરણના કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીવતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૬ ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૧ કામોની અંદાજીત કિંમત રૂ. ૨,૯૯,૩૧૭.૪૦ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૮/૪/૨૦૧૬, ૧૪.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૪૪/૧૬-૧૭

## દારૂની રેલમછેલ અને ધાકધમકીથી ગાંધીનગરમાં સત્તા કબજે કરવા ભાજપ બેબાકળુ : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ૮ વોર્ડની ૩૨ બેઠકો પર ભાજપ હાર દેખી જતા મુખ્યમંત્રીએ ગમે તે ભોગે સત્તા મેળવવા કાંઈ પણ કરવાની સૂચના આપી હોય તે રીતે દારૂની રેલમછેલ અને ધાકધમકી અપાઈ રહ્યાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, લોકશાહીમાં પ્રજા જ સર્વોપરી છે. ભાજપ શાસકો વર્ષો સુધી ગાંધીનગરના નાગરિકોની માંગ છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપતા નહોતા ત્યારે ગાંધીનગર કોર્પોરેશનના દરજ્જા માટે વરિષ્ઠ નાગરિકો અને કોંગ્રેસ પક્ષે લડત આપી વડી અદાલતના આદેશથી ભાજપ સરકારને ગાંધીનગરને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરર્જો આપવાની ફરજ પડી હતી પણ હજી સુધી તમામ પ્રકારના લાભો અને સત્તા આપવામાં ભાજપ સરકાર અડચણો ઉભી કરે છે.

હાઈકોર્ટના આદેશ બાદ રચાયેલ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણીમાં ભાજપનો પરાજય થયો. ગાંધીનગમરાં કોંગ્રેસ પક્ષને વિજય થયો. પ્રજાના ચુકાદાની અવગણના કરીને ભાજપ સરકારે સત્તાના જોરે લોભ લાલચ, ધાકધમકીથી પાછલા બારણે સત્તા પર ગેરબંધારણીય કબજો કર્યો. લોકશાહીનું ખૂન કર્યું જે ગાંધીનગરના મતદાતાઓને યાદ છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ૮ વોર્ડની ૩૨ બેઠકો પર ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના પંજાના નિશાન પર મત આપવા અપીલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ ગાંધીનગર શહેરના મતદારોના પાયાના પ્રશ્નો જેમ કે પીવાનું શુદ્ધ પાણી, વેરાની વસૂલાત માટે પારદર્શક પદ્ધતિ, ઈમ્પેક્ટ ફી અંગે ભાજપ સરકારના નકારાત્મક અભિગમ સામે લડત, ગ્રીન-ક્લીન ગાંધીનગર સહિત 'બેટર સીટી-બેટર લાઈફ'ના સિદ્ધાંતો સાથે પ્રતિબદ્ધ છે.

## ભાજપ શાસનનો એક એક દિવસ કલંકરૂપ છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સત્તા મેળવવા માટે છેલ્લા ત્રણ દિવસથી કાર્યલયો ધમરોળી રહેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ભાજપ સરકારનો એક એક દિવસ સમગ્ર રાજયની પ્રજા અને ગુજરાતની ગરિમા માટે કલંકરૂપ હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે ભાજપમુક્ત ગાંધીનગર શહેર અને જિલ્લામાં અત્યાર સુધી પાછલા બારણે સત્તાનો સ્વાદ ચાખનાર ભાજપ સરકારના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કોઈપણ ભોગે સત્તા મેળવવા બેબાકળા બન્યા છે. છેલ્લા ત્રણ દિવસોથી ભાજપના વિવિધ વોર્ડ કાર્યાલયોમાં જઈ કોઈપણ ભોગે સત્તા મેળવવા માટે કાર્યકરોનો ઉધડો લઈ રહેલા મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગરમાં સત્તા નથી એ ભાજપ માટે કલંકરૂપ છે અને તેનો ભારોભાર વશવશો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ છે. પરંતુ ભાજપ સરકારના અણઘડ વહીવટ અને બેફામ ભ્રષ્ટાચારથી ત્રાસેલી પ્રજા તેમજ ગુજરાતના ગૌરવ માટે ભાજપ સરકારના શાસનનો એક એક દિવસ હવે કલંકરૂપ બની રહ્યો છે. અગાઉ ભાજપના કાર્યકરો કોન્ટ્રાક્ટર બની ગયા હોવાનો રોષ વ્યક્ત કરનાર મુખ્યમંત્રીએ સ્વીકારવું પડ્યું છે કે, ભાજપના કાર્પોરેટરો અને કાર્યકરો પ્રજાની વચ્ચે જતા જ નથી. આ બાબતની વાસ્તવિકતા એ છે કે, ભાજપના કોર્પોરેટરોએ છેલ્લા ત્રણ વર્ષમાં સોલાર લાઈટ, પેવર બ્લોક, બાંકડા, રમત ગમતના સાધનો, રંગમંચ વગેરેનો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર જ કર્યો છે અને વિકાસ કે લોકસેવાનું એકપણ કામ કર્યું નથી. ભાજપ દ્વારા જાહેર કરાયેલા ચૂંટણી ઢંઢેરાને ફરી એકવાર પ્રજાને ગેરમાર્ગે દોરી છેતરપીંડી કરનારો જણાવતા તેમણે ઉમેર્યું છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં ભાજપ સરકાર જમીન સહિતની સત્તાઓની સોંપણી કરી શકી નથી. ત્યારે કેન્દ્ર અને રાજય સરકાર હસ્તકના પ્રોજેક્ટોને ચૂંટણી ઢંઢેરામાં સમાવી લઈ વિકાસને પોકળ દાવો કરવામાં આવ્યો છે.

પ્રજાને મિલકત વેરાની ભેટ આપવા સાથે પ્રજા ઉપર આકરો કરબોજ ઝીંકનાર ભાજપે પાણી અને આરોગ્ય સેવાઓ માટે પણ પ્રજાને વલખાં મારતી કરી દીધી છે. ભાજપે ભ્રષ્ટાચારની ખોલેલી દુકાનમાં રંગમંચ, ઉત્સવો, શૌચાલયો તેમજ અન્ય ઉજવણી પાછળ પણ લાખો રૂપિયાનું આંધણ કરી સામાન્ય માનવીને કોઈ જ કાયદો કરાવ્યો નથી. ૧૦હજાર જેટલા વૃક્ષોનું કચ્ચરઘાણ વાળી ગ્રીનસિટીનુંબિરૂદ છીનવી લેનાર ભાજપ સરકારના સંસદસભ્ય, રાજયસભાના સભ્ય કે ધારાસભ્યએ શહેરથી લઈ કેન્દ્ર સરકાર સુધીના પ્રશ્નોમાં ગાંધીનગરની પ્રજાનું કંઈ જ ભલું કર્યું નથી. ગીફ્ટ સિટીની વાતો કરતી આ સરકારે જી આઈ ડી સી તેમજ લારી ગલ્લાવાળાઓની હાલત દયનીય કરી દીધી છે. આ ઉપરાંત નવી જંત્રીમાં અસહ્ય વધારાના કારણે સામાન્ય નાગરિકો માટે ઘરનું ઘર સ્વપ્ન બની ગયું છે. ભાજપ દ્વારા અપનાવાયેલી નો રીપીટ થિયેરી એ જ ભાજપના ભ્રષ્ટાચાર અને જુઠાણાનો પુરાવો છે. આથી સ્લમ અને ડસ્ટ ફ્રી નગર બનાવવાની વાતો કરતી આ સરકારમાં પાટનગરના કર્મચારીઓ શ્રમજીવીઓ અને તમામ નગરજનો ભાજપમુક્ત ગાંધીનગર બનાવવા કોંગ્રેસને અભૂતપૂર્વ સમર્થન આપશે તેવો અમને વિશ્વાસ છે.

**પાટલી બદલુંને ચૂંટણીમાં હરાવો**

**એક ગંદી માછલી આખા તળાવને ગંદુ કરી નાંખે છે.**

એક પાટલી બદલુ સમગ્ર ગાંધીનગરને મહાનગર પાલિકાને બદનામ કરી શકે છે. ખુદ ભાજપને તેના બે પાટલી બદલુને ટીકીટ નહીં આપીને પાટલી બદલવાની સજા કરી છે.

હજુ એક પાટલી બદલુ ચૂંટણીના મેદાનમાં ઉભો છે. તેને ગાંધીનગરની શાણી જનતા ચૂંટણીમાં હરાવે તેવી નમ્ર વિનંતી છે.

રહીમ મકવાણા
મગનલાલ પરમાર
મુકેશ શાહ
શામળદાસ ગઢવી
પ્રેમ રાજપૂત
કાલુભાઈ દેસાઈ
તેજાભાઈ દેસાઈ
ખોડીદાસ પરમાર
રમેશચંદ્ર પરમાર